આપનું સપ્તાહ કેવું જશે? તા.૨૨/૦૬/૨૦૨૬ થી તા.૨૮/૦૬/૨૦૨૬ સુધી

લેખકઃ જ્યોતિષાચાર્ય હંસરાજ મો. નં.: 9825726442
E-mail : bharatjyotish03@yahoo.co.in

મેષ (અ,લ,ઈ): ચાલુ વીકમાં કાર્યક્ષેત્રમાં સુધારો જોવા મળશે. તમારી ક્ષમતાની કદર થાય. સરકારી નોકરીની શક્યતા રહેશે. નોકરીમાં નવી તક ઊભી થાય. ખાવા-પીવા બાબતે સાવધાની રાખવી. વિજાતીય આકર્ષણ સતાવશે. પરિવારમાં મીઠાસ વધશે. પ્રેમ વિવાહમાં મદદ મળે. શુભ સમાચાર મળે. કોર્ટ કચેરીમાં અનુકુળતા રહે. રોજની આવક વધે. વીલ-વારસાનાં કામ થાય. વડીલોની સલાહથી નવી તક મળે. અચાનક ઉઘરાણી આવી શકે છે.

વૃષભ (બ,વ,ઊ): ચાલુ વીકમાં વિદ્યાર્થીઓને અનુકુળતા મળે. પરીક્ષામાં સફળતા મળે. હરીફાઈમાં ઈનામ મળે. પ્રેમમાં તાલમેળ રહે. શેરબજારમાં નવા રોકાણ લાભદાયક રહે. મોજ-શોખ, બૌદ્ધિક, પ્રવાસ, શિક્ષણને લગતા કામમાં આવક વધશે. સરકારી કામમાં મદદ મળે. નોકરીયાતે લાલચથી બચવું. પરિવારમાં નાના સભ્યો માટે ભવિષ્યની યોજના બને. રોજના કામમાં આવક વધે. ઘરમાં શુભ પ્રસંગનું આયોજન થાય.

મિથુન (ક,છ,ઘ): સપ્તાહ મહેનતનું ફળ આપનાર રહેશે. પરિવારમાં આનંદમય વાતાવરણ પેદા થાય. નવા સામાજીક સંબંધો બને. આર્થિક પ્રગતિ થાય. નોકરી-ધંધામાં ટેકનોલોજીથી અનુકુળતા રહે. વડીલોની સલાહથી પ્રેમ જીવનમાં અનુકુળતા થાય. નવા સ્વાર્થી લોકોથી સાવધાન રહેવું. સંતાન ચિંતા હળવી થાય. મિલકત-પ્રોપર્ટીને લગતાં કામ આગળ વધશે. વિદ્યાર્થીઓને ટ્રેનિંગનો અનુભવ મળે. નોકરીમાં સાવધાન રહેવું.

કર્ક (ડ,હ): ચાલુ વીકમાં તમારી વહીવટી કુશળતા અને કાર્યક્ષમતાની કદર થાય અને નવી જવાબદારી મળે નવા કામમાં ટેકનોલોજીનો લાભ મળે. નવા વિચારોથી પ્રભાવ વધશે. મિત્રો ભાઈ-બહેનોને ઉપયોગી બનશો. નવા ઘર-વાહન, જમીનના સોદા થાય. આર્થિક મદદ મળે. વારસાના કામમાં પ્રગતિ થાય. બહારનાં કામમાં મદદ મળે. વડીલોનો સાથ મળે. પ્રેમમાં રોમેન્ટીક મુલાકાત થાય. નવા રોકાણથી લાભ, શુભ સમાચાર.

સિંહ (મ,ટ): ચાલુ વીકમાં પરિવારમાં તાલમેળ અને જીવન સાથીનો સાથ મળવાથી આર્થિક બાબતે ચોક્કસ નિર્ણય લેવાય સંતાનો તથા નાના સભ્યોના કામમાં પ્રગતિ થાય. ઘરમાં ઉત્સવ જેવું વાતાવરણ રહે. પરિવાર તથા સમાજની જવાબદારી વધે. નોકરી-ધંધાર્થે પ્રવાસ થાય. મિલકતનો સોદા થાય. આવક વધે. વિદ્યાર્થીઓને નવું શિખવા મળે. નવા ફેરફારથી આત્મવિશ્વાસ વધશે.

કન્યા (પ,ઠ,ણ): સપ્તાહ કેરીયરમાં નવા ફેરફારનું સચન કરે છે. નવી જવાબદારી કાર્યક્ષમતા અને વહીવટી કુનેહનો પરિચય કરાવી શકશો. રોમેન્ટીક મુલાકાત થાય. સમાજાં નવી જવાબદારીથી પ્રભાવ વધે. પ્રેમ તેમજ અન્ય સંબંધોમાં લાગણીઓ પર કાબુ રાખવો. ઈન્ટરવ્યુમાં સફળતા મળે. ઉઘરાણી આવવાથી નવા આર્થિક રોકાણ થાય. વાણી પર કાબૂ રાખવો. આત્મ વિશ્વાસ પર પણ કાબૂ રાખવો.

તુલા (ર,ત): સપ્તાહ દરમિયાન આરોગ્ય બાબતે સમાન બનશો. સમાજમાં યસ મળે. પારીવારિક સંબંધો મજબૂત બને. અંગત જીવન રોમેન્ટીક રહેશે. કોર્ટ-કચેરીમાં મદદ મળે. પ્રવાસમાં વિઘ્નો આવે. વિદેશનાં કામ થાય. નવા ક્રિએટીવ વિચારો અટકેલા કામમાં ગતિ લાવશે. નવું શિખવા મળે. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. પ્રવાસ, શિક્ષણ, ખાણી-પીણી- માર્કેટીંગ જેવા કામમાં સફળતા મળે. આવક વધે.

વૃશ્ચિક (ન,ય): સપ્તાહ દરમિયાન પ્રેમ જીવનમાં લાગણીઓ પર કાબુ રાખવો. નવાં પ્રોજેક્ટમાં નવું શીખવા મળે. વિદ્યાર્થીઓને રચાનાત્મક પ્રવૃત્તિ કરવાની તક મળે. નવા શેરબજારમાં રોકાણ લાભદાયક રહેશે. આરોગ્યનું ધ્યાન રાખવું. ધાર્મિક પ્રવાસ થાય. સમાજ સેવાથી શાંતિ મળે. નોકરીમાં નવી તક મળે. નવા ફેરફારથી જવાબદારી વધશે. પારીવારિક જીવનમાં સંબંધો મજબૂત બને. આવક વધારવાની તક.

ધન (ભ,ધ,ફ,ઢ): ચાલુ વીકમાં સામાજીક જીવનમાં સંબંધો વધશે. નવા સંબંધો જોડાયે, નોકરી-ધંધામાં ફેરફારથી નવી દિશા મળે. આવક વધારવાની યોજનામાં પરિવારનો સાથ મળે. મોજ-શોખના ધંધામાં લાભ થાય. પ્રેમ જીવનમાં લાગણીઓ પર કાબૂ રાખવો. વિદ્યાર્થીઓને નવું ટેકનીકલ જ્ઞાન મળે. પરીક્ષા હકારાત્મક રહે. મિત્રો સાથે નવો કામની શરૂઆત થાય. આરોગ્ય નરમ રહે. પ્રવાસમાં વિઘ્નો આવે. ખર્ચા થાય.

મકર (ખ,જ): ચાલુ વીકમાં લાંબી યાત્રા ટાળવી. ધાર્મિક પ્રવૃત્તિથી શાંતિ મળે. વિદેશના કામમાં કાયદાકીય મદદ મળે. ઉચ્ચ શિક્ષણમાં પ્રગતિ થાય. નવાં રચનાત્મક કામ સફળ બને. જીવન સાથી સાથે સામાજીક કામ થાય. મોજ-શોખ અને સ્ત્રી વર્ગને ઉપયોગી ચીજવસ્તુના વેપારમાં આર્થિક લાભ થાય. વિદ્યાર્થીઓની પરીક્ષા હકારાત્મક રહે. મિત્રો સાથે સામાજીક કામ થાય. સંતાન ચિંતા સતાવે.

કુંભ (ગ,સ,શ,ષ): સપ્તાહ દરમિયાન કેરીયરમાં જવાબદારી વધશે. નવા કામમાં સાવધાની રાખવી. સરકારી નોકરીયાતે લાલચથી બચવું. કોઈની વાતોમાં આર્થિક વ્યવહાર કરવા નહી. વડીલોની સમસ્યા સતાવે. અચાનક શુભ સમાચાર મળે. ધાર્મિક પ્રવાસ થાય. ઉચ્ચ શિક્ષણમાં પ્રગતિ થાય. વિદેશ પ્રવાસના કામ થાય. કાયદાકીય મદદ મળે. પ્રોપર્ટીના સોદા થઈ શકે છે. સમાજ જીવનમાં સાવધાની રાખવી.

મીન (દ,ચ,ઝ,થ): સપ્તાહ સામાજીક સમસ્યાના સમાધાન માટે અનૂકુળ રહેશે. પરિવારનાં સંબંધો મજબુત થાય. ઉંમર લાયકને યોગ્ય પાત્ર મળે. રોજના કામમાં મદદ મળે. આવક વધે. કોર્ટ-કચેરીમાં પ્રગતિ થાય. ભાગીદારીમાં તાલમેળ રહેશે. વારસાના કામમાં પ્રગતિ થાય. સરકારી નોકરીયાતને નવી તક મળે. ધાર્મિક પ્રસંગમાં મનને શાંતિ મળે. ધર્મ-કર્મ અને સાહિત્યને લગતાં કામમાં પ્રગતિ થાય.

આજે દક્ષિણ ગુજરાત-સૌરાષ્ટ્રમાં યલો એલર્ટ

50 કિમીની ઝડપે પવન ફૂંકાવાની આગાહી

ગુજરાતમાં ચોમાસાની આગેકૂચ વચ્ચે ગરમી યથાવત

અમદાવાદ : ગુજરાતમાં દક્ષિણ-પશ્ચિમ ચોમાસાની આગળ વધવાની પ્રક્રિયા વચ્ચે હજુ પણ ગરમીનો પ્રભાવ યથાવત જોવા મળી રહ્યો છે. રવિવારે રાજ્યના અનેક શહેરોમાં મહત્તમ તાપમાન 40 ડિગ્રી સેલ્સિયસની આસપાસ નોંધાયું હતું. બીજી તરફ હવામાન વિભાગે 22 જૂનથી રાજ્યના વિવિધ વિસ્તારોમાં વરસાદી પ્રવૃત્તિમાં વધારો થવાની આગાહી કરી છે. ખાસ કરીને દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છના કેટલાક જિલ્લાઓમાં ગાજવીજ, વીજળીના ચમકારા અને 40થી 50 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન સાથે વરસાદની શક્યતા વ્યક્ત કરતાં યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

રાજ્યમાં રવિવારે સાંજે છ વાગ્યા સુધી વરસાદની પ્રવૃત્તિ નહિવત રહી હતી. છેલ્લા 24 કલાક દરમિયાન દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં છૂટાછવાયા વરસાદી ઝાપટાં નોંધાયા હતા, જ્યારે કચ્છમાં વાતાવરણ સૂકું રહ્યું હતું. મહત્તમ તાપમાનમાં કોઈ નોંધપાત્ર ફેરફાર નોંધાયો નહોતો અને ઉત્તર ગુજરાત તથા સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં તાપમાન સામાન્ય કરતાં વધુ રહ્યું હતું.

રવિવારે રાજ્યમાં સૌથી વધુ 40 ડિગ્રી તાપમાન અમદાવાદ, ગાંધીનગર, રાજકોટ અને સુરેન્દ્રનગરમાં નોંધાયું હતું. આ ઉપરાંત કંડલા પોર્ટ અને કંડલા એરપોર્ટ પર 39 ડિગ્રી, ડીસામાં 38 ડિગ્રી, વડોદરામાં 38 ડિગ્રી, ભૂજ, અમરેલી અને કેશોદમાં 37 ડિગ્રી તાપમાન નોંધાયું હતું. સુરત, ભાવનગર અને દમણમાં 36 ડિગ્રી જ્યારે પોરબંદર, નલિયા અને મહુવામાં 35 ડિગ્રી તાપમાન રહ્યું હતું.અમદાવાદ માટે હવામાન વિભાગે આગામી 24 કલાક દરમિયાન સામાન્ય રીતે વાદળછાયું વાતાવરણ રહેવાની અને એકથી બે વરસાદી ઝાપટાં અથવા ગાજવીજ સાથે વરસાદ પડવાની આગાહી કરી છે. શહેરનું મહત્તમ તાપમાન 40 ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહેવાની શક્યતા છે.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ હાલમાં ચોમાસાની સિસ્ટમ ઉત્તર સીમા હરનાઈ, સોલાપુર, હૈદરાબાદ, ભદ્રાચલમ, કોરાપુટ, ફુલબાની, રાંચી, જામુઈ અને મુઝફ્ફરપુર સુધી વિસ્તરેલી છે. 23 જૂનની આસપાસ મહારાષ્ટ્ર, તેલંગાણા, ઓડિશા, ઝારખંડ, બિહાર અને છત્તીસગઢના વધુ વિસ્તારોમાં ચોમાસું આગળ વધવા માટે અનુકૂળ પરિસ્થિતિ સર્જાઈ રહી છે.

ગુજરાત ઉપરનું ઉપરવાસનું ચક્રવાતી પરિભ્રમણ નબળું પડ્યું હોવા છતાં ઉત્તર ગુજરાતથી પશ્ચિમ મધ્ય અરબી સમુદ્ર સુધી ટ્રફ સક્રિય છે. રાજ્યમાં નીચલા સ્તરે દક્ષિણ-પશ્ચિમથી પશ્ચિમ દિશાના ભેજયુક્ત પવનો ફૂંકાઈ રહ્યા હોવાથી આગામી દિવસોમાં વરસાદી માહોલ જામે તેવી શક્યતા છે.

હવામાન વિભાગની આગાહી

22 જૂન : વડોદરા, છોટાઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, ડાંગ, તાપી, નવસારી, વલસાડ તેમજ દમણ, દાદરા અને નગર હવેલીમાં ગાજવીજ સાથે વરસાદની આગાહી કરી છે. આ ઉપરાંત સુરેન્દ્રનગર, રાજકોટ, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, બોટાદ, ગીર સોમનાથ, મોરબી, કચ્છ અને દીવમાં પણ 40થી 50 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન સાથે વરસાદ પડી શકે છે. ઉત્તર ગુજરાતમાં આનંદ જિલ્લામાં પણ યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

23 જૂન : અમદાવાદ, ખેડા, આનંદ, પંચમહાલ, મહીસાગર અને દાહોદ સહિત દક્ષિણ ગુજરાતના તમામ જિલ્લાઓમાં હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. સૌરાષ્ટ્રમાં રાજકોટ, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ અને બોટાદમાં પણ વરસાદી ઝાપટાં પડી શકે છે.

24 જૂન : અમદાવાદ અને આનંદ સહિત દક્ષિણ ગુજરાતના વિસ્તારોમાં યલો એલર્ટ યથાવત રાખવામાં આવ્યું છે. આ સમયગાળા દરમિયાન ગાજવીજ અને તેજ પવન સાથે વરસાદી પ્રવૃત્તિ જોવા મળી શકે છે. 25થી 28 જૂન દરમિયાન સુરત, ડાંગ, તાપી, નવસારી, વલસાડ તેમજ દમણ, દાદરા અને નગર હવેલીમાં હળવાથી મધ્યમ વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. સૌરાષ્ટ્રના અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ અને દીવ જિલ્લામાં પણ છૂટાછવાયા વરસાદી ઝાપટાં પડી શકે છે.

C.J.P.ના સ્થાપક અભિજીત દિપકે

રાતોરાત દેશ અને દુનિયામાં યુવા વર્ગ માટે પ્રેરણા સ્ત્રોત બનનાર અને આખા દેશમાં પ્રખ્યાત થનાર અને રાજકારણમાં એક નવી ઉમિદ જગાડનાર અભિજીત દિપકેની કુંડલીનો અભ્યાસ કરવો ખૂબ જ રસપ્રદ રહેશે. તેની કુંડલીની કોઈ વિગત પ્રાપ્ત નથી પણ આપણા વૈદિક જ્યોતિષમાં જન્મ લગ્ન કુંડળીની સાથે ચંદ્ર કુંડળીનું પણ એટલ જ મહત્ત્વ છે. વૈદિક જ્યોતિષમાં તો ત્યાં સુધીનું માર્ગદર્શન છે કે જો લગ્ન કુંડળી કરતાં ચંદ્ર કુંડળી બળવાન હોય તો ચંદ્ર કુંડલી પ્રમાણે માર્ગદર્શન કરવું જોઈએ.

જન્મ લગ્ન કુંડલી ભૌતિક જગત, બહારની ઘટના કે પરિણામો અને શારીરિક ક્ષમતા બતાવે છે. જ્યારે ચંદ્ર કુંડલી આંતરીક જગત, મન, ભાવના, લાગણી, માનસિક ક્ષમતા અને મનોવૈજ્ઞાનિક ક્ષમતાનું વર્ણન કરે છે. માનસિક કે આંતરીક શક્તિ કે તાકત ચંદ્ર કુંડલી પરથી જોવાનું હોય છે. જીવનમાં રોજે રોજની ઘટના કે કરવાતા કામ ચંદ્રને આધિન છે. ઈચ્છાઓ, ભય, હાથમાં લીધેલ કામ પૂર્ણ થશે કે કેમ? બહારના વાતાવરણને વશ થઈને કે ભય અથવા ભવિષ્યની ચિંતા કરીને કામને અધૂરૂં છોડવા મજબૂર ચંદ્ર કરે છે અને ગમે તેવી વિપરીત પરિસ્થિતિમાં અડગ રહેવાની શક્તિ પણ ચંદ્ર આપે છે. એરીતે જોઈએ તો અભિજીત દિપકેનો જન્મ તા. 29-9-1995નો છે. તે દિવસે આખો દિવસ વૃશ્ચિક રાશિ અને અનુરાધા નક્ષત્ર હતું. આ જળતત્વની રાશિ મંગળની નકારાત્મક, રહસ્યમય, સાહસીક દૃઢ નિશ્ચયી અને ખૂબ જ લાગણશીલ સ્વભાવની છે. આ રાશિના જાતકોની સંકલ્પ ક્ષમતા અદભૂત હોય છે. હાથમાં લીધેલ કામ ગમે તેવી વિપરીત પરિસ્થિતિમાં પણ પૂર્ણ કરવાન ક્ષમતા રાખે છે. વફાદારી તેમનો મુખ્ય સ્વભાવ છે અને વિશ્વાસઘાત સહન કરી શકતા નથી.

મેદનીય વૈદિક જ્યોતિષ પ્રમાણે અભિષેક દિપકેની ચંદ્ર કુંડલી ખૂબ જ બળવાન બને છે. વૃશ્ચિક રાશિમાં ચંદ્ર અને ગુરુનો ગજકેસરી યોગ જ્યોતિષના નિયમ પ્રમાણે સાચા અર્થમાં થાય છે. ગુરુ-પંચમેશ અને ચંદ્ર ભાગ્યેશની કેન્દ્રમાં યુતિને રીયલ ગજકેસરી યોગ માનવામાં આવે છે. ચંદ્ર અને ગુરુ શનિના અનુરાધા નક્ષત્રમાં અને સ્વગ્રહી ચોથે રહેલ શુભ શનિ ગુરુના નક્ષત્રમાં પરિવર્તનયોગ કરે છે. ગજકેસરી યોગ વૃશ્ચિક અને મીન રાશીમાં જ શુભ ફળ આપે છે. મેષ અને કર્કમાં મધ્યમ ફળ આપે છે. માનસિક અને બૌદ્ધિક સંતુલનના કારણે ભાવનાત્મક રીતે સ્થિર રહીને યોગ્ય નિર્ણય લેવાની શક્તિ અને ગમે તેવી વિપરીત પરિસ્થિતિમાં અડગ રહેવાની તાકત ફક્ત ગજ કેસરી યોગ જ આપી શકે. એમાં પણ મંગળની વૃશ્ચિક રાશિ હોય તો કોઈપણ જાતની પરવા કર્યા વગર પરિસ્થિતિનો સામનો કરીને વિજયી બને છે અને સમાજમાં ખૂબ જ માન, પ્રતિષ્ઠા અને ઉચ્ચ પદની પ્રાપ્તી કરે છે તેની રાશિનો સ્વામી ચંદ્ર 5 થી બારમે રાહુ સાથે આ મંગળ રાહુનો અંગારક યોગ સામાન્ય રીતે શુભ માનવામાં આવતો નથી જે કાનુની વિવાદ, કારણ વગરના ઝઘડા, અકસ્માત ચોટ અને ખૂબજ મહત્વાકાંક્ષી તથા લડાયક સ્વભાવ આપે છે. મંગળ રાહુવાળા જાતકો ઉચ્ચ પદ પ્રાપ્ત કરે છે પણ તેમના જીવનમાં સંઘર્ષ, અશાંતિ, વાદ-વિવાદ, કાયદાકીય ગૂચ પીછો છોડતી નથી. પણ એવા જાતકો કોઈથી ડરતા નથી અને એક વખત તો ઊંચ્ચ પદ પ્રાપ્ત કરે છે અને ઉત્તેજીત અને ક્રોધિ તથા આક્રમક સ્વભાવના કારણે કાયદાના સંકજામાં આવી જતા હોય છે. બારમું સ્થાન બંધન છે તેનો સ્વામી શુક્ર લાભ સ્થાનમાં ઉચ્ચના બુધ અને સૂર્ય સાથે છે માટે અભિજિતે સ્ત્રી વર્ગની અને નજીકનો સાથીઓથી સાવધાન રહેવુ પડશે. બદનામી અને જેલમાં જવાના યોગ કરે છે. મંગળ-રાહુની વાસ્તવિક યુતિવાળો જાતક હંમેશા વિજયી રહે છે અને ધારી સફળતા મેળવીને જ રહે છે અને નસીબનો સાથ તેમને કપરા સમયે મળતો હોય છે પણ અભિજીત દિપકેનો રાહુ ચલિત છે માટે આ મંગળ રાહુનો શક્તિશાળી અને વિજય યોગ ભંગ થાય છે. છતાં વિપરીત રાજ-યોગ જરૂર કરે છે. મંગળ દુર્ઘટના હુમલા, વિશ્વાસઘાત, શારીરિક ઈજા અને જેલના યોગ કરે છે. જોકે મંગળ-વિપરીત રાજયોગ પણ કરે છે. અભિજીતનો બુધ ખૂબ જ બળવાન છે. ઉચ્ચનો સૂર્ય શુક્ર-સાથનો બુધ ક્રિએટીવ અને બૌદ્ધિક વિચારો આપનાર બને છે. આધુનિક ટેકનોલોજીથી લાભના યોગ કરે છે. આ બુધના કારણે જ સુપ્રિમ કોર્ટના મુખ્ય જજની ટિપ્પણીને રમુજી અદામાં વ્યક્ત કરીને એક નવ સર્જન અને નવી કલ્પના દુનિયાની સામે રાખી અને રાતોરાત સુપર હીરો બની ગયો. ફક્ત સ્વાર્થી હીતોથી સાવધાન રહેવાનું સુચવતો બુધ હાથમાં લીધેલ કાર્યને પૂર્ણ કરવાની શક્તિ આપે છે. આ બુદ્ધદિત્ય અને લક્ષ્મીયોગ કરતો બુધ લોકપ્રિય અને ધનવાન બનાવનાર છે. દસમાનો માલિક સૂર્ય લાભ સ્થાનમાં ઊચ્ચ કક્ષાના મિત્રો, લોકો અને સિદ્ધાંતવાદી બનાવશે. જે ભવિષ્યમાં અનેક દુશ્મનો પેદા કરનાર બને પોતાના કાર્ય અને સિદ્ધાંતને વળગી રહેવાની શક્તિ સૂર્ય આપે છે. આ પ્રમાણિકતો અનેક દુશ્મનો અને સ્વાર્થી સાથીઓની નુકસાન કરાવનાર છે. તેની કુંડલીમાં ગજકેસરી યોગ સિવાય શનિથી બનતો આંશિક શશોગ પણ બળવાન બને છે. દેશની જનતાના કેન્દ્ર સમાન ચોથા સુખ સ્થાનમાં રહેલ શનિ જનતાના દિલમાં સ્થાન આપનાર બને છે. સામાન્ય જનતાના ન્યાય અને હક્ક માટે લડાઈમાં આ શનિ વિજય યોગ કરે છે. છઠ્ઠે રહેલ બળવાન કેતુની મહાદશા 2028 સુધીની શુભ છે અને માર્ચ-2026થી મે 2027 સુધીની શનિની અંતર દશા અભિજીતને સફળતા આપનાર બને છે. ટૂંકમાં તેના જન્મ સમયના ગ્રહોની સ્થિતિ શુભ છે અને તેનું ફળ અત્યારે મળે છે.

સુફી પરંપરાનું જીવંત પ્રતિક હઝરત મખદૂમ હાજી પીર નિઝામુદ્દીન મોટામિયા ચિશ્તી

છોટા ઉદેપુરમાં મોટા મિયા ચીશ્તીનો સંદલ અને ઉર્ષ ઉજવાશે

30 જૂન અને 1 જુલાઈએ યોજાનારા ઉર્સમાં હજારો શ્રદ્ધાળુઓ ઉમટશે

હઝરત મખદૂમ હાજી પીર નિઝામુદ્દીન મોટામિયા ચિશ્તીની દરગાહે ભવ્ય ઉજવણી

છોટાઉદેપુરઃ ઐતિહાસિક અને આસ્થાના કેન્દ્ર સમાન હઝરત મખદૂમ હાજી પીર નિઝામુદ્દીન મોટામિયા ચિશ્તી (રહેમતુલ્લાહ અલૈહ)ની દરગાહ ખાતે 70મા ઉર્સ મેળાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.છોટા ઉદેપુર ગુરુ ગુલઝારે ગંજે શક્કર ખાતે યોજાનારો આ બે દિવસીય ધાર્મિક મહોત્સવ 30 જૂન અને 1 જુલાઈ 2026ના રોજ યોજાશે.

ઉર્સ નિમિત્તે દરગાહ પર વિશેષ ધાર્મિક કાર્યક્રમો, ફાતેહા, ચાદર ચઢાવવાની રસમ, મહેફિલ-એ-સમા તથા સામૂહિક દુઆનું આયોજન કરવામાં આવ્યું છે.

ઉર્સ મેળાની જાહેરાત સાથે સમગ્ર વિસ્તારમાં ધાર્મિક માહોલ છવાયો છે અને ગુજરાત સહિત દેશના વિવિધ વિસ્તારોમાંથી અકીદતમંદો મોટી સંખ્યામાં હાજરી આપશે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

ઉર્સના પ્રથમ દિવસે એટલે કે 30 જૂન, મંગળવારે સાંજે 5 વાગ્યે સંદલ શરીફની વિધિ યોજાશે. આ પ્રસંગે દરગાહ ખાતે વિશેષ ફાતેહા અને અકીદતમંદોની હાજરીમાં સંદલ ચઢાવવામાં આવશે. ત્યારબાદ રાત્રે 10 વાગ્યે મહેફિલ-એ-સમા યોજાશે, જેમાં સુફી કલામો અને કવ્વાલીઓ દ્વારા આધ્યાત્મિક માહોલ સર્જાશે.

આ કાર્યક્રમમાં પ્રદેશભરના મુરિદો, અંજુમનો અને વિવિધ સામાજિક-ધાર્મિક આગેવાનો ઉપસ્થિત રહેશે. દરગાહના સંચાલકો દ્વારા તમામ શ્રદ્ધાળુઓને ધાર્મિક શિસ્ત અને સૌહાર્દ જાળવી કાર્યક્રમમાં જોડાવા અનુરોધ કરવામાં આવ્યો છે.

ઉર્સના મુખ્ય દિવસે 1 જુલાઈ, બુધવારે સાંજે 6 વાગ્યે ચાદર મુબારકનું જુલૂસ નીકળશે. દરગાહ સુધી પહોંચતા આ જુલૂસમાં હજારો શ્રદ્ધાળુઓ જોડાશે. પરંપરાગત નગારા, સલામ અને ઝિક્ર સાથે જુલૂસનું સ્વાગત કરવામાં આવશે.

રાત્રે 10 વાગ્યે મહેફિલ-એ-સમા અને વિશેષ દુઆ સાથે ઉર્સ શરીફની મુખ્ય વિધિઓ પૂર્ણ થશે. કાર્યક્રમ દરમિયાન દેશ-વિદેશમાં શાંતિ, સમૃદ્ધિ અને માનવ કલ્યાણ માટે ખાસ પ્રાર્થનાઓ કરવામાં આવશે.

આયોજકોના જણાવ્યા મુજબ 1 જુલાઈની રાત્રે મહેફિલ પૂર્ણ થયા બાદ કુલની રસમ અદા કરવામાં આવશે. આ પ્રસંગે દરગાહ સાથે સંકળાયેલા તમામ અંજુમનો, ખાદિમો, મહેમાનો અને અકીદતમંદો હાજર રહેશે. કુલની રસમ બાદ સમૂહિક દુઆ સાથે ઉર્સનો સમાપન થશે.

દરગાહ ટ્રસ્ટ અને આયોજન સમિતિએ તમામ મુરિદો તથા શ્રદ્ધાળુઓને ઉર્સના બંને દિવસોમાં સમયસર હાજરી આપવા, ધાર્મિક પરંપરાઓનું પાલન કરવા અને સૌહાર્દપૂર્ણ વાતાવરણ જાળવવા અપીલ કરી છે. મોટી સંખ્યામાં લોકો ઉમટવાની સંભાવનાને ધ્યાનમાં રાખી સ્થાનિક સ્તરે જરૂરી વ્યવસ્થાઓ પણ ગોઠવવામાં આવી રહી છે.

અનુસંધાન... પાના પહેલાનું

20 લાખથી વધુએ...

ફક્ત તેમની સામે રહેલું પ્રશ્નપત્ર જ મહત્વનું રહે.

NTA એ ઉમેર્યું કે, આ પરીક્ષા યોજવા માટે સમગ્ર ભારતમાં અંદાજે ૭ લાખ અધિકારીઓ - પોલીસ ટીમો, ઓબ્ઝર્વર્સ અને પરીક્ષા સ્ટાફની મદદ લેવામાં આવી હતી અને આ સમગ્ર પ્રક્રિયા રેકોર્ડબ્રેક ૩૭ દિવસમાં પૂર્ણ કરવામાં આવી હતી. NTAએ જણાવ્યું કે, ૧૦,૦૦૦થી વધુ દિવ્યાંગ ઉમેદવારો સહિત તમામ વિદ્યાર્થીઓ માટે વ્યાપક વ્યવસ્થાઓ કરવામાં આવી હતી. NTA ના ડીજી અભિષેક સિંહે જણાવ્યું હતું કે, કેટલીક જગ્યાએ ખોટા એડમિટ કાર્ડ સાથે આવતા લોકો અથવા નકલી એડમિટ કાર્ડ સાથે આવતા લોકો અંગેના નાના-મોટા અહેવાલો મળ્યા હતા; ગેરરીતિ માટે અન્ય વ્યક્તિના નામે પરીક્ષા આપવાના કિસ્સાઓ પણ સામે આવ્યા હતા. તેમણે વધુમાં કહ્યું કે, થોડી જગ્યાઓ પર કોઈ વ્યક્તિ મોબાઈલ ફોન લઈ જવાનો પ્રયાસ કરી રહી હતી; તેમની સામે કડક કાર્યવાહી કરવામાં આવી છે.

NEET-UGની ફેર...

શક્યતા છે, કુમાવતે જણાવ્યું.

તેમણે ઉમેર્યું કે, પ્રશ્નો ઊંડાણપૂર્વકના, ગણતરીવાળા અને વૈચારિક રીતે અઘરા હતા. ૩ મેના રોજ લેવાયેલી NEET પરીક્ષાની સરખામણીમાં ઓર્ગેનિક અને ઈનઓર્ગેનિક કેમિસ્ટ્રી પણ વધુ અઘરું હતું. આ વખતે રેન્ક મુખ્યત્વે ફિઝિક્સ અને કેમિસ્ટ્રીના પ્રદર્શનના આધારે નક્કી થાય તેવી સંભાવના છે. તેનાથી વિપરીત, ૩ મેની પરીક્ષા કરતાં બાયોલોજી સરખામણીએ સરળ હતું. બાયોલોજી વિભાગમાં ધોરણ ૧૧ ના ટોપિક્સમાંથી પર પ્રશ્નો સાથે વધુ વેઇટેજ આપવામાં આવ્યું હતું, જ્યારે ધોરણ ૧૨ માંથી ૩૮ પ્રશ્નો હતા.

ઇરાન-અમેરિકા...

અધ્યક્ષ મોહમ્મદ બાગેર ઘાલીબાફે કર્યું હતું. શરીફની ઓફિસ દ્વારા 'X' (ટ્વિટર) પર પોસ્ટ કરવામાં આવેલી તસવીરોમાં તેઓ અલગ-અલગ બેઠકોમાં તેમની સાથે હાથ મિલાવતા જોવા મળ્યા હતા.

સાંજે ચતુષ્કોણીય વાર્તાલાપ શરૂ થાય તે પહેલાં, શરીફે વેન્સ અને કતારના વડાપ્રધાન શેખ મોહમ્મદ બિન જાસિમ અલ થાનીની હાજરીમાં પત્રકારોને સંબોધિત કર્યા હતા. તેમણે યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને ઈરાની નેતાઓના વખાણ કર્યા હતા. આ ઉપરાંત, તેમણે પાકિસ્તાનના આર્મી ચીફ અસીમ મુનીરની પણ પ્રશંસા કરી હતી, જેઓ તેમની સાથે સ્વિટ્ઝર્લેન્ડ આવ્યા હતા અને વોશિંગ્ટન તેમજ તેહરાનનું પ્રતિનિધિત્વ કરતા પ્રતિનિધિમંડળો સાથેની બેઠકો દરમિયાન તેમની સાથે જોવા મળ્યા હતા.

હોર્મુઝ સંપૂર્ણ...

આયાત ૬,૩૬,૦૦૦ બેરલ પ્રતિ દિવસ રહી હતી, જે મે મહિનામાં થયેલી ૬,૪૪,૦૦૦ બેરલ પ્રતિ દિવસની રેકોર્ડ આયાતથી સહેજ જ ઓછી છે. બીજી તરફ, સાઉદી અરેબિયા ૩,૮૪,૦૦૦ બેરલ પ્રતિ દિવસ સાથે ત્રીજા સ્થાને અને વેનેઝુએલા ૨,૦૯,૦૦૦ બેરલ પ્રતિ દિવસના પુરવઠા સાથે ભારતનું ચોથું સૌથી મોટું ક્રૂડ સપ્લાયર બનીને ઉભર્યું છે. કેપ્લરના ડેટા મુજબ, અમેરિકા તરફથી થતી આયાતમાં મોટો ઘટાડો નોંધાયો છે અને તે મે મહિનાના ૨,૫૨,૦૦૦ બેરલ પ્રતિ દિવસથી ઘટીને માત્ર ૯૧,૦૦૦ બેરલ પ્રતિ દિવસ થઈ ગઈ છે. આ ખરીદી વિવિધ દેશોમાંથી તેલ મેળવવાની ભારતની વ્યૂહરચના દર્શાવે છે. રશિયન તેલ આકર્ષક ડિસ્કાઉન્ટને કારણે ફાયદાકારક રહ્યું છે, જ્યારે UAEનો પુરવઠો હોર્મુઝ સ્ટ્રેટ જેવા વ્યૂહાત્મક જળમાર્ગમાંથી થતા શિપમેન્ટની અનિશ્ચિતતાને સરભર કરવામાં મદદરૂપ સાબિત થયો છે.

યોગ અને સમુદ્રી...

સંદેશ સુરક્ષા, તકનીકી પ્રગતિ અને વ્યૂહાત્મક પ્રભાવ પર ભાર મૂકતો હતો.

સંરક્ષણ ક્ષેત્રે આત્મનિર્ભરતા પર ભાર મૂકતા મોદીએ જાહેરાત કરી હતી કે, આપણી ક્ષમતાઓની ઓળખ આપણી આત્મનિર્ભરતામાં છે, નહીં કે વિશ્વ માટે બજાર બનવામાં. તેમણે ઉમેર્યું હતું કે ભારત વૈશ્વિક સંરક્ષણ ક્ષેત્રમાં માત્ર ખરીદદાર બનીને રહેવા માંગતું નથી.

વડાપ્રધાને નોંધ્યું હતું કે ભારતે એરક્રાફ્ટ કેરિયર આઈએનએસ વિક્રાંતના લોકાર્પણ દ્વારા તેની વધતી જતી દરિયાઈ શક્તિનું પ્રદર્શન કરી દીધું છે. તેમણે જણાવ્યું હતું કે તાજેતરના વર્ષોમાં 40થી વધુ યુદ્ધજહાજો અને સબમરીનનો સમાવેશ કરવામાં આવ્યો છે, જ્યારે 45 મોટા નૌકાદળ પ્લેટફોર્મ હાલમાં નિર્માણાધીન છે. દરિયાઈ પરાક્રમ વિના કોઈ પણ રાષ્ટ્ર મોટી શક્તિ બની શકતું નથી. વિકાસ, સુરક્ષા અને સમૃદ્ધિ સમુદ્ર સાથે જોડાયેલા છે એમ તેમણે કહ્યું હતું.

આ કાર્યક્રમો સાથે વડાપ્રધાનની પશ્ચિમ બંગાળની બે દિવસીય મુલાકાતનો અંત આવ્યો હતો, જે શનિવારે હુગલી જિલ્લાના તારકેશ્વરમાં રાજ્ય સ્તરીય 'પશ્ચિમબંગા દિવસ' ઉજવણીમાં તેમની હાજરી સાથે શરૂ થઈ હતી, જ્યાં તેમણે જાહેર કર્યું હતું કે રાજ્ય "તેની બેડીઓમાંથી મુક્ત થયું છે" અને ભાજપ સરકાર હેઠળ વિકાસની નવી સફર શરૂ કરી છે. તેમણે રાજ્યના ભાગલા સમયના ઈતિહાસને યાદ કરતા ભારપૂર્વક જણાવ્યું હતું કે 20 જૂન એ એક નિર્ણાયક ક્ષણ હતી જેણે સુનિશ્ચિત કર્યું કે આ રાજ્ય ભારતની અંદર જ રહે.

કોલકાતાના રેડ રોડ પર મોદીએ હજારો લોકો સાથે યોગ દિન ઉજવ્યો

આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે રેડ રોડ પર એકત્રિત થયેલા હજારો લોકોને સંબોધતા, મોદીએ યોગની ઉપયોગિતાની હિમાયત માત્ર વ્યક્તિગત સ્વાસ્થ્યને પ્રોત્સાહન આપવા માટે જ નહીં, પરંતુ વિશ્વ શાંતિ માટે એક ઉદ્દીપક તરીકે પણ કરી હતી. બહુવિધ વૈશ્વિક સંઘર્ષો અને ભૂરાજકીય તણાવની પૃષ્ઠભૂમિ વચ્ચે, તેમણે દલીલ કરી હતી કે આ પ્રાચીન ભારતીય પ્રથા શારીરિક સુખાકારીથી ઘણી આગળ પ્રાસંગિકતા ધરાવે છે. ભગવદ ગીતાનો ઉલ્લેખ કરતા, મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે કાર્ય, પોષણ અને ઊંઘ સહિતની સંતુલિત જીવનશૈલી એ દુઃખમાંથી મુક્તિ મેળવવાની ચાવી છે.

વડાપ્રધાને જણાવ્યું હતું કે યોગ લોકોને માનસિક સુખાકારી અને આત્મ-જાગૃતિ દ્વારા શારીરિક તંદુરસ્તી શોધવામાં મદદ કરે છે. વ્યક્તિગત પરિવર્તનને વૈશ્વિક સંવાદિતા સાથે જોડતા તેમણે ટિપ્પણી કરીઃ શું કરવું અને શું ન કરવું તે ઓળખવાની સભાનતા માત્ર આંતરિક શાંતિ જ નથી લાવતી, તે વિશ્વ શાંતિનો માર્ગ પણ ખોલે છે. એટલા માટે યોગ માત્ર આપણી વ્યક્તિગત જીવનશૈલી માટે જ જરૂરી નથી, પરંતુ આ વિશ્વના વધુ સારા ભવિષ્ય માટે અનિવાર્ય છે.

સફેદ ટી-શર્ટ અને સફેદ પેન્ટ સજ્જ મોદી રેડ રોડ પર સામૂહિક યોગ પ્રદર્શનમાં હજારો સહભાગીઓ સાથે જોડાયા હતા. તેમણે તમામ ઉંમરના નાગરિકો સાથે યોગ કર્યા હતા, 40 મિનિટના સત્ર દરમિયાન સહભાગીઓની વચ્ચે ફર્યા હતા, અને કેટલાક સહભાગીઓને તેમના આસનો સુધારવામાં પણ મદદ કરી હતી. રાજ્યપાલ આર. એન. રવિ, મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારી અને પશ્ચિમ બંગાળ સરકારના કેટલાક મંત્રીઓ પણ આ કાર્યક્રમમાં ભાગ લેનારા હજારો લોકોમાં સામેલ હતા.

ત્રણ યુદ્ધ જહાજોને...

દરિયાઈ ક્ષમતાઓ દેશના આર્થિક અને વ્યૂહાત્મક પ્રભાવ માટે નિર્ણાયક પરિબળ છે, અને ઉમેર્યું કે ભારત આ વાસ્તવિકતાને સમજે છે અને તે મુજબ તૈયારી કરી રહ્યું છે. મોદીએ ત્રણ સ્વદેશી નિર્મિત નૌકાદળના જહાજો - સ્ટીલ્થ ફ્રિગેટ 'દુનાગિરી', સર્વેક્ષણ જહાજ 'સંશોધક' અને એન્ટી-સબમરીન વોરફેર શેલો વોટર ક્રાફ્ટ 'અગ્રય' નું લોકાર્પણ કર્યું હતું. ભારતીય નૌકાદળના વોરશિપ ડિઝાઇન બ્યુરો દ્વારા ડિઝાઇન કરાયેલા અને કોલકાતા સ્થિત ગાર્ડન રીચ શિપબિલ્ડર્સ એન્ડ એન્જિનિયર્સ લિમિટેડ દ્વારા બનાવવામાં આવેલા આ જહાજોમાં 75 ટકાથી વધુ સ્વદેશી સામગ્રી છે અને તેમાં 200થી વધુ MSMEની ભાગીદારી સામેલ છે.

જલપાઇગુડીમાં બસે...

જિલ્લાના મેનાગુરીથી ડોમોહાની જઈ રહેલી નોર્થ બંગાળ સ્ટેટ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન (એનબીએસટીસી)ની બસ સવારે ૧૧.૩૦ વાગ્યાની આસપાસ રોડની બાજુમાં પાર્ક કરેલી ટ્રકની પાછળના ભાગે અથડાઈ હતી.

ઘાયલોમાં ૧૫ પુરુષો, ૧૨ મહિલાઓ અને બે બાળકોનો સમાવેશ થાય છે.

પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, "ભોગ બનેલા લોકોમાંથી એકને અકસ્માત સ્થળેથી મેનાગુરી ગ્રામીણ હોસ્પિટલમાં મૃત લાવવામાં આવ્યો હતો, જ્યારે અન્ય પાંચ લોકોએ જલપાઈગુડી સરકારી મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં દમ તોડ્યો હતો." તમામ ઘાયલ મુસાફરોને જલપાઈગુડી સરકારી મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

ટક્કરના કારણે બસનો આગળનો ભાગ કચડાઈ ગયો હતો અને કેટલાય મુસાફરો અંદર ફસાઈ ગયા હતા, જેના કારણે પોલીસ અને સ્થાનિક લોકો દ્વારા બચાવ કામગીરી શરૂ કરવામાં આવી હતી.

એક્સ પરની એક પોસ્ટમાં મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારીએ જણાવ્યું હતું કે, તેઓ એનએચ-27 પર ઉલ્લાદાબરી જોરાબાધ ખાતે થયેલા અકસ્માતથી ખૂબ દુઃખી છે અને મૃતકોના પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે.

અધિકારીએ જણાવ્યું હતું કે, પ્રત્યેક મૃતક પીડિતના નજીકના સંબંધીને 5-5 લાખ રૂપિયા મળશે, જ્યારે ગંભીર રીતે ઘાયલ થયેલા લોકોને 1-1 લાખ રૂપિયા અને નજીવી ઈજા પામેલા મુસાફરોને વળતર તરીકે 50-50 હજાર રૂપિયા આપવામાં આવશે.

કોલકાતાથી શાંઘાઈ-...

કરવામાં આવ્યું હતું. ભારત સહિત ઘણા દેશોમાં આ પ્રસંગને ઉજવવા માટે મોટા પાયે કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. કોલકાતાના ઐતિહાસિક રેડ રોડ પર આયોજિત મુખ્ય રાષ્ટ્રીય કાર્યક્રમમાં, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ હજારો લોકો સાથે સામૂહિક યોગ સત્રનું નેતૃત્વ કર્યું.

કોલકાતામાં મુખ્ય કાર્યક્રમ ઉપરાંત, શહેરના વિવિધ ભાગોમાં મોટી સંખ્યામાં લોકોએ યોગ કર્યા. ઘણા રાષ્ટ્રીય નેતાઓ અને સેલિબ્રિટીઓએ પણ યોગ દિવસના કાર્યક્રમોમાં ભાગ લીધો, સ્વસ્થ જીવનશૈલી અપનાવવાનો સંદેશ ફેલાવ્યો. દરમિયાન, કેનેડાના ટોરોન્ટોમાં, ભારતીય કોન્સ્યુલેટે ઓન્ટારિયો વિધાનસભાની સામે એક કાર્યક્રમનું આયોજન કર્યું, જેમાં સરકારી પ્રતિનિધિઓ, રાજદ્વારીઓ, યોગ પ્રશિક્ષકો અને ભારતીય સમુદાયના સભ્યોએ હાજરી આપી. ચીનના શાંઘાઈમાં બુંદ ફાઈનાન્સ સેન્ટર (BFC) ખાતે ભારતીય કોન્સ્યુલેટ જનરલે યોગ દિવસના એક ખાસ કાર્યક્રમનું આયોજન કર્યું હતું. આ કાર્યક્રમમાં આશરે 400 લોકોએ ભાગ લીધો હતો, જેમાં વિવિધ દેશોના રાજદ્વારીઓ, પ્રોફેસરો, યોગ ઉત્સાહીઓ, ભારતીય સમુદાયના સભ્યો અને ચીની નાગરિકોનો સમાવેશ થતો હતો.

સંયુક્ત રાષ્ટ્ર(UN) દ્વારા ૨૦૧૪માં દરખાસ્ત સ્વીકારવામાં આવી ત્યારથી દર વર્ષે ૨૧ જૂને વૈશ્વિક સ્તરે આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવવામાં આવે છે. આ વર્ષની ઉજવણીની થીમ યોગા ફોર હેલ્ધી એજિંગ(સ્વસ્થ વૃદ્ધાવસ્થા માટે યોગ) રાખવામાં આવી હતી, જે જીવનના દરેક તબક્કે શારીરિક સુદ્રઢતા, માનસિક સ્થિતિસ્થાપકતા અને સર્વાંગી સુખાકારીને પ્રોત્સાહન આપવામાં યોગની પ્રાસંગિકતા પર ભાર મૂકે છે.

વિવિધ દેશોમાં...

ઓલ્ડ પાર્લામેન્ટ હાઉસ ખાતે 'યોગ ઓસ્ટ્રેલિયા'ના સીઈઓ જોશ પ્રાયરના માર્ગદર્શન હેઠળ મોટી સંખ્યામાં લોકો એકઠા થયા હતા. ભારતીય હાઈ કમિશને જણાવ્યું કે આ એક કલાકનું સત્ર શાંતિ અને માનસિક જાગૃતિની અદ્ભુત ક્ષણ લાવ્યું હતું.

બાંગ્લાદેશ (ઢાકા): ઢાકા સ્થિત ભારતીય હાઈ કમિશને તમામ ઉંમરના લોકોને આ ઉજવણીમાં સામેલ કર્યા હતા, જે આ વર્ષની થીમ 'સ્વસ્થ વૃદ્ધાવસ્થા માટે યોગ'ની ભાવનાને સાર્થક કરે છે.

ન્યુઝીલેન્ડઃ હાઈ કમિશનના પરિસરમાં 'હાર્ટફુલનેસ' અને 'આર્ટ ઓફ લિવિંગ ફાઉન્ડેશન NZ' ના સહયોગથી કીવી, ભારતીય અને અન્ય સમુદાયના લોકોએ ઉત્સાહભેર ૧૨મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરી હતી.

યુનાઈટેડ કિંગડમ (લંડન): લંડનના 'ધ સ્ટ્રેન્ડ' ખાતે એક વિશેષ કાર્યક્રમ યોજાયો હતો, જેમાં અનાહત યોગ, ચી ક્રી યોગ, આયંગર યોગ, એસઆરએમડી (SRMD) યોગ, આર્ટ ઓફ લિવિંગ, ઇશા ફાઉન્ડેશન અને બ્રહ્માકુમારીઝ જેવી વિવિધ સંસ્થાઓએ ભાગ લીધો હતો.

મલેશિયા (કુઆલાલંપુર): ભારતીય હાઈ કમિશન અને નેતાજી સુભાષ ચંદ્ર બોઝ ભારતીય સાંસ્કૃતિક કેન્દ્ર દ્વારા આયોજિત કાર્યક્રમમાં ૧,૧૦૦થી વધુ લોકો જોડાયા હતા.

તિમાં ૬૦૦થી વધુ લોકોએ ભાગ લીધો હતો. આ ઉપરાંત સ્લોવેનિયા, રોમાનિયા, ઇન્ડોનેશિયા, ઓમાન, યુએઈ (UAE), નાઇજીરિયા, ડેનમાર્ક, કેન્યા અને કઝાકિસ્તાન જેવા અન્ય અનેક દેશોમાં પણ ભારતીય મિશનો દ્વારા યોગ સત્રો અને વિવિધ કાર્યક્રમોનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

તમિલનાડુમાં...

એમ પણ જણાવ્યું હતું કે, કેટલાક દર્દીઓની તબિયત વધુ બગડતી જોવા મળી રહી છે અને ઉમેર્યું કે ગંભીર દર્દીઓને ખાનગી હોસ્પિટલોમાંથી સરકારી હોસ્પિટલોમાં શિફ્ટ કરવામાં આવી રહ્યા છે. જે બંને દર્દીઓને મૃત જાહેર કરવામાં આવ્યા છે, તેમની સારવાર ખાનગી હોસ્પિટલોમાં ચાલી રહી હતી.

કર્ણાટક સિલ્ક ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિ.
(કર્ણાટક સરકારનું એક સાહસ)
KSIC MysoreSilk
ત્રીજો અને ચોથો માળ, જાહેર ઉપયોગિતા ભવન, એમ.જી.રોડ, બેંગલુરુ-૫૬૦ ૦૦૧. ફોન : ૦૮૦-૨૫૫૮૬૫૫૦/૨૫૫૮૬૪૦૨
ઈ-મેલ : info@ksicsilk.com
નંબર : KSIC/PD/RNTDR/GL-72/02/2026-27 તારીખ : ૧૬.૦૬.૨૦૨૬
સોનાના દોરીના પુરવઠા માટે ફરીથી ટેન્ડર
(ફક્ત KPP પોર્ટલ દ્વારા)
KSIC, સિલ્ક વીવિંગ ફેક્ટરી, મૈસુર માટે એક વર્ષના સમયગાળા માટે ૩૫,૭૦૦ માર્કસ સોનાના દોરીના પુરવઠા માટે પ્રતિષ્ઠિત ઉત્પાદકો પાસેથી KPP - પોર્ટલ દ્વારા ફરીથી ટેન્ડર મંગાવવામાં આવે છે.
ટેન્ડર દસ્તાવેજો, સૂચનાની વિગતો, સમયપત્રક નિયમો અને શરતો https://kppp.karnataka.gov.in પરથી ડાઉનલોડ કરી શકાય છે. ૨૪.૦૬.૨૦૨૬ના રોજ સવારે ૧૧.૦૦ વાગ્યે પ્રી-બિડ મીટિંગ યોજાશે. KPP- પોર્ટલ દ્વારા ૫,૦૦,૦૦૦/- રૂપિયાના EMD સાથે ટેન્ડર અપલોડ કરવાની છેલ્લી તારીખ અને સમય ૦૩.૦૭.૨૦૨૬ બપોરે ૩.૦૦ વાગ્યા સુધી છે અને ટેકનિકલ બિડ ૦૪.૦૭.૨૦૨૬ના રોજ બપોરે ૦૩.૩૦ વાગ્યે ખોલવામાં આવશે. વધુ વિગતો કામકાજના કલાકો દરમિયાન નીચે સહી કરનારની ઓફિસ અથવા KPP- પોર્ટલ હેલ્પડેસ્ક ૦૮૦-૪૬૦૧૦૦૦૦, ૦૮૦-૬૮૯૪૮૭૭૭ પરથી મેળવી શકાય છે.
એસડી/-
DIPR/CP/JA/1175/2026-27 જનરલ મેનેજર (પ્રો)

इंडियन बैंक Indian Bank इलाहाबाद ALLAHABAD
સયાજીગંજ શાખા, ગ્રાઉન્ડ ફ્લોર, બીબીસી ટાવર, સયાજીગંજ, બરોડા-૩૯૦૦૦૫, ગુજરાત. ફોનઃ ૦૨૬૫-૨૩૬૩૦૦૯
ડિમાન્ડ નોટીસ
ધી સીક્યોરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શીયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સીક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ના કાયદાની કલમ ૧૩ (૨) હેઠળની નોટીસ
(૧) મેસર્સ શ્રીજલા એન્જિનિયર્સ, ભાગીદાર(ઓ), શ્રી કુંતલ કાંતીલાલ મેવાડા અને શ્રી પરેશ કાંતીલાલ મેવાડા (કરજદાર/ ભાગીદારી પેઢી), સરનામુઃ પ્લોટ નં. ૧૨૦/એ, જીઆઈડીસી મકરપુરા, જિલ્લો- વડોદરા, ગુજરાત-૩૯૦૦૧૪. (૨) શ્રી કુંતલ કાંતીલાલ મેવાડા (ભાગીદાર/જામીનદાર), સરનામુઃ ઈ-૮૨, શિવમ સોસાયટી, અંબે સ્કુલ સામે, માંજલપુર, જિલ્લો- વડોદરા, ગુજરાત-૩૯૦૦૧૧. (૩) શ્રી પરેશ કાંતીલાલ મેવાડા (ભાગીદાર/જામીનદાર/મોર્ગેજર), સરનામુઃ એ-૨૮, પુષ્ટી વાટિકા સોસાયટી, વડસર રોડ નજીક, જિલ્લો- વડોદરા, ગુજરાત- ૩૯૦૦૧૦. (૪) શ્રી સુનીલ ભુપેન્દ્ર પંચાલ (મોર્ગેજર) સરનામુઃ ૬, શિવમ ડુપ્લેક્ષ, અલ્વાનાકા બસ સ્ટોપ નજીક, માંજલપુર, એમ આઈ એસ્ટેટ, જિલ્લો-વડોદરા, ગુજરાત-૩૯૦૦૧૦.
વિષયઃ લોન ખાતેદાર/રો શ્રી મેસર્સ શ્રીજલા એન્જિનિયર્સ, ભાગીદારો શ્રી કુંતલ કાંતીલાલ મેવાડા અને શ્રી પરેશ કાંતીલાલ મેવાડા જે ખાતુ અમારી ઈન્ડીયન બેંક, સયાજીગંજ, વડોદરા શાખા સાથે.
આપે બેંક પાસે ધીરાણ લીધેલ લોનની રકમ રૂા.૪૨,૯૧,૭૧૧.૨૫ (રૂપિયા બેતાલીસ લાખ એકાણુ હજાર સાતસો અગીયાર અને પચ્ચીસ પૈસા પુરા) જે બાકી ઉપરાંત તા.૨૫/૦૫/૨૦૨૬ થી લાગુ સંપૂર્ણ ચુકવણી ન થાય ત્યાં સુધીના ભવિષ્યના વ્યાજ સહિતની રકમ ફેરચુકવણી કરવામાં નિષ્ફળ ગયા છો.
આથી બેંકે તા.૨૫/૦૫/૨૦૨૬ ના રોજ કાયદાની કલમ હેઠળ રૂા.૪૨,૯૧,૭૧૧.૨૫ (રૂપિયા બેતાલીસ લાખ એકાણુ હજાર સાતસો અગીયાર અને પચ્ચીસ પૈસા પુરા) જે તા.૨૪/૦૫/૨૦૨૬ ના રોજ ની બાકી નીકળતી રકમની તમારા દ્વારા ભરપાઈ કરવા માટે નોટીસ જાહેર કરેલ છે. જે નોટીસ આપને પોસ્ટ દ્વારા મોકલેલ પણ તે આપને મળ્યા વિના પરત આવેલ છે.
આ નોટીસ દ્વારા આપને જાણ કરવામાં આવે છે રૂા.૪૨,૯૧,૭૧૧.૨૫ (રૂપિયા બેતાલીસ લાખ એકાણુ હજાર સાતસો અગીયાર અને પચ્ચીસ પૈસા પુરા) જેની સાથે તા.૨૫/૦૫/૨૦૨૬ થી લાગુ વ્યાજ જે સંપૂર્ણ ચુકવણી થાય ત્યાં સુધીની બાકી રકમ આ નોટીસ પ્રસિદ્ધિના ૬૦ દિવસમાં ભરપાઈ કરી દેવા, જો તેમ કરવામાં કસુર થશે તો બેંક એન્ફોર્સમેન્ટ ઓફ સીક્યોરીટી ઈન્ટરેસ્ટના કાયદા હેઠળ કાર્યવાહી કરશે. બેંક હેઠળ ઉપર જણાવેલા કાયદા અને/અથવા હાલના કાયદા મુજબ આ નોટીસ કોઈ પણ પ્રકારના પૂર્વગ્રહ વગર સુરક્ષિત લેણદાર માટે બહાર પાડવામાં આવી છે.
આ સાથે આપનું ધ્યાન આકૃષ્ટ કરવામાં આવે છે કે સરફેસી એકટના કાયદા ૧૩(૮) અને નિયમ હેઠળ આપ સુરક્ષિત મિલકતોને પાછી લેવા માટેના અધિકારો ધરાવો છો.
આ નોટીસ કોઈ પણ પ્રકારના પૂર્વગ્રહ વગર અને જે હાલના DRT/RO ઓફ DRT/DRAT/કોર્ટ ની કાર્યવાહી પહેલાના અને હુકમ કરેલ કાર્યો હેઠળ કરવાની કાર્યવાહી / હુકમનામું મેળવ્યાના / મેળવ્યાની કાર્યવાહીના હકકો સહિત સુરક્ષિત લેણદાર માટે બહાર પાડવામાં આવી છે.
સુરક્ષિત મિલકતને લગતી મુખ્ય વિગતો ની તમામ જાણકારી નીચે આપેલ છે.
: મોર્ગેજ એસેટસનું વર્ણન :
તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત ફેક્ટરી શેડ, જમીન અને બિલ્ડીંગ સ્થિત પ્લોટ નં. ૧૨૦/એ, મકરપુરા જીઆઈડીસી ઈન્ડસ્ટ્રીયલ એસેટ્સ જેનો રેવન્યુ સર્વે નં. ૪૦૪/પી, ગામની હદમાં, જેનું માપ ૫૪૫.૮૦ ચો.મીટર્સ. જે મિલકત શ્રી પરેશ કાંતીલાલ મેવાડા અને શ્રી સુનીલ ભુપેન્દ્ર પંચાલ ના નામની. જેની ચતુર્દિશાઃ ઉત્તરેઃ પ્લોટ નં. ૧૨૫, દક્ષિણેઃ ૬૦'-૦૦'' રસ્તો, પૂર્વેઃ પ્લોટ નં. ૧૨૦/એ/૧, પશ્ચિમેઃ પ્લોટ નં.૧૧૯. હાઈપોથીકેટેટ સંપત્તિઓઃ સ્ટોક/બુક ડેટ્સ અને અસ્થાયી મિલકતોનું હાઈપોથીકેશન.
તારીખ : ૨૫/૦૫/૨૦૨૬ અધિકૃત અધિકારી,
સ્થળ : વડોદરા (મુખ્ય પ્રબંધક, ઈંડિયન બેંક)